-: **જાહેરનામું** :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨)ની કલંમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

**નંબર: વિ.શા/પરમીટ/એ સેકશન/69/૨૦૧૪**

**હુકમ** :

ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરી રહ્યા છે.

બહારનાં રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતાં આવા તત્વો કોઇનાં મકાન ભાડે રાખીને રહેતાં હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરીસ્થિતીથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતાં હોય છે. જેથી ભાડેથી મકાન આપતાં મકાન માલીકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું શિવાનંદ ઝા, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી) ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરુ છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં કોઇ મકાન/ઔદ્યોગિક એકમો/ઓફીસો/દુકાનો/ ગોડાઉનો/ કોલ્ડ સ્ટોરેજોનાં માલિકો અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિત/સંચાલકો જયારે મકાન/ઔદ્યોગિક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોનાં માલિકો મકાન ભાડે આપે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને મકાન ભાડે આપી શકશે નહિ, ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને સબંધિત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારનાં પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| અ. નં | મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત - કયાં વિસ્તારમાં કેટલાં ચો.મી. બાંધકામ | મકાન ભાડે આપવા સત્તા ધરાવતાં વ્યકિતનું નામ | મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું. | કઇ વ્યકિતઓને ભાડે આપેલ છે. તેમના પાકા નામ, સરનામા, ફોટા, પાસપોર્ટ, ડ્રાઇવીંગ લાયસન્સ, પાનકાર્ડ, પુરાવા રૂપે સાથે આપવા | મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ, સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઇવીંગ લાયસન્સ, પાનકાર્ડ, પુરાવા રૂપે સાથે આપવા. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

આ હુકમ તા.૦૯.૦૭.૨૦૧૪ થી તા.૦૩.૦૯.૨૦૧૪ સુધી (બંન્ને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહીતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસોની બજવણી કરવી શક્ય ન હોઇ આથી એકતરફી હુકમ કરુ છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં સિનિયર પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૪.જુલાઇ-૨૦૧૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૩) અધિક પો.મહાનિર્દેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૫) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૬) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.
(૮) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.
(૯) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૦) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.
(૧૧) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેકટર- ૧ – ૨/ક્રાઇમ બ્રાન્ચ/મુખ્ય મથક/ટ્રાફીક શાખા, અમદાવાદ
(૧૩) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી,અમદાવાદ શહેર.
(૧૪) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કવા સારૂં તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી.
(૧૫) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૧૬) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૭) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારૂં.)
(૧૮) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૧૯) પોલીસ ઇન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે પો.સ્ટે.
(૨૦) પોલીસ સબ ઇન્સ.શ્રી, સાબરમતી રેલ્વે પો.સ્ટે.
(૨૧) મ.પો.કમિ.શ્રી એસ.ઓ.જી., અમદાવાદ શહેર.